આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:- ૩૦-૦૬-૨૦૨૪ સમય:-સાંજે ૬. ૨૫ કલાકે

---

# મન કી બાત-પ્રધાનમંત્રી-નરેન્દ્ર મોદી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણીમાં બંધારણ અને દેશની લોકશાહી વ્યવસ્થાઓ પર પુનઃવિશ્વાસ કરવા બદલ દેશવાસીઓનો આભાર વ્યક્ત કર્યો છે. આજે આકાશવાણી પરથી પ્રસારિત થયેલા "મન કી બાત" કાર્યક્રમના માધ્યમથી રાષ્ટ્રને સંબોધિત કરતા પ્રધાનમંત્રીએ અનેક વિષય પર પોતાના વિચાર રજૂ કર્યા હતા.

શ્રી મોદીએ વિશ્વ પર્યાવરણ દિવસ પર આ વર્ષે શરૂ કરાયેલ વિશેષ ઝુંબેશ 'એક વૃક્ષ માતાને નામ'નો ઉલ્લેખ કર્યો. તેમણે લોકોને અપીલ કરી કે તેઓ પોતાની માતા સાથે મળીને અથવા તેમની સમૃતિમાં એક વૃક્ષ વાવે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, અમૃત મહોત્સવ દરમિયાન દેશભરમાં 60 હજારથી વધારે અમૃત સરોવર બનાવવામાં આવ્યા છે..

તેમણે આગામી મહિને યોજાનારી ભગવાન જગન્નાથની રથયાત્રાનો પણ ઉલ્લેખ કર્યો હતો.. અને કહ્યું કે, ભગવાન જગન્નાથની કૃપા દેશવાસીઓ ઉપર સતત વરસતી રહે.. ખાસ કરીને તેમણે કચ્છીઓના નવા વર્ષ અષાઢી બીજના પાવન દિવસને પણ યાદ કરીને કચ્છના લોકોને નવા વર્ષની અગાઉથી જ શુભકામના પાઠવી હતી..

**(બાઇટ-પ્રધાનમંત્રી)**

**(RNU અમદાવાદ)**

---

RNU BHUJ

## નવા ચુંટણી અધિકારીની નિયુક્તિ

કેન્દ્ર સરકારે મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે પ્રવાસન વિભાગના અગ્ર સચિવ હારિત શુક્લાની નિયુક્તિ વર્તમાન મુખ્ય ચૂંટણી અધિકારી પી ભરતીના સ્થાને કરી છે, જ્યારે પી.ભારતીને હાલ કોઈ પોસ્ટિંગ અપાયું નથી. જ્યારે પ્રવાસન વિભાગનો હવાલો ઉદ્યોગ સચિવ એસજી હૈદર પાસે રહેશે.

**(આરતી ભટ્ટ/NP)**

---

## DRI દ્વારા કન્ટેનરને અટકાવી તપાસ

ડારેક્ટર ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ ડી.આર.આઈ ગાંધીધામ દ્વારા મુન્દ્રા પોર્ટ પરથી કન્ટેનર એક્સપોર્ટ થાય તે પહેલા 10 કરોડના સોપારીના 40 કન્ટેનરને અટકાવી તપાસ હાથ ધરી છે. આ કન્ટેનરોમાં પ્રતિબંધિત ચોખાનો જથ્થો એક્સપોર્ટ કરાતું હોવાની બાતમીના આધારે આ કાર્યવાહી હાથ ધરાઈ હતી.

**(આરતી ભટ્ટ/NP)**

---

## કચ્છ-બ્રાન્ચ કેનાલ-નર્મદા પાણી

આજથી પીવા અને સિંચાઈના કામ માટે કચ્છ બ્રાન્ચના કેનાલમાં નર્મદાના નિર છોડવામાં આવ્યા. કેનાલમાં જથ્થો વધવાની સાથે સાંજ સુધીમાં 500 ક્યુસેક પાણી છોડાશે. કેનાલની કામગીરીનું રાપર મત વિસ્તારના ધારાસભ્યની ટીમે યોગ્ય સંકલન કરી પાણી છોડવાના આયોજનની કાર્યવાહીની નિહાળી હતી.

**(NP/આરતી ભટ્ટ)**

---

## વરસાદ

કચ્છમાં છેલ્લા એક સપ્તાહથી હળવાથી ભારે વરસાદી ઝાપટા વરસી રહ્યા છે. આજે ભુજ, માંડવી, મુન્દ્રા અને ભચાઉ તાલુકામાં મેઘ મહેર થઈ હતી. જ્યારે

ભુજ શહેરમાં ધીમીધારે એક કલાકમાં એક ઇંચ વરસાદ પડી જતા શહેરીજનો માં આનંદની લાગણી ફેલાઇ હતી.

માંડવીમાં 2 થી 4 વાગ્યાની વચ્ચે વધુ એક ઈંચ વરસાદ પડયો. આજના દિવસે સાંજના 4 વાગ્યા સુધીમાં ભુજ-માંડવીમાં દોઢ ઇંચ, ગાંધીધામમમાં એક ઇંચ અબડાસા, અંજારમાં અડધો ઇંચ વરસાદ નોંધાયો.

**(NP/આરતી ભટ્ટ)**

---

## સસ્તા અનાજની દુકાન

કચ્છમાં સસ્તા અનાજની દુકાનોમાં તાજેતરમાં ઘઉં,તુવેર,દાળ, ચણા કાબુલી ચણા સહિતના માલની ઘટને જોતા જિલ્લા પુરવઠા અધિકારીએ ટ્રેડર્સ, હોલસેલ વેપારીઓ માલના કરાતા સંગ્રહ પર મર્યાદા આવે તેવો આદેશ કરવામાં આવ્યો છે. જે મુજબ આ વેપારીઓને દર અઠવાડિયે પોર્ટલ પર શુક્રવારે નિયમિતપણે અનાજના જથ્થા જથ્થો જાહેર કરવો પડશે.

**(NP/આરતી ભટ્ટ)**

---

## ખરીફ પાકનું વાવેતર

કચ્છ જિલ્લામાં 27 મી જુન સુધી ખરીફ પાકનું કુલ વાવેતર 50 હજાર 721 હેક્ટર પહોંચ્યું હોવાના અહેવાલ છે. મદદની ખેતી નિયામકના જણાવ્યા અનુસાર સૌથી વધુ કપાસનું 33 હજાર 543 હેક્ટરમાં અને મગફળીનું 7,782 હેક્ટરમાં વાવેતર થયું છે અને જ્યારે દશે દશ તાલુકામાં 14 હજાર હેક્ટરમાં વાવેતર થયુ છે. અને સૌથી ઓછું ગાંધીધામ તાલુકામાં માત્ર 175 હેક્ટરમાં વાવણી થઈ છે.

**(NP/આરતી ભટ્ટ)**

---

RNU BHUJ